શ્રીમતી વિમલાબેન નટવરભાઈ ભટ્ટ, ૧૦ જુલાઈ, ૨૦૨૧
'શિવમ્' ૪૪/ઈ, હરિનગર સોસાયટી,
ગોત્રી રોડ,
વડોદરા ૩૯૦ ૮૦૭.

પ્રતિ
શ્રી મનહરભાઈ ટી. શાહ,
ઉપાસના, ૩૧, રાજસ્તંભ સોસાયટી,
પોલો ગ્રાઉન્ડ પાસે, વડોદરા

માનનીય શ્રી મનહરભાઈ,

વિષય : મારા સ્વ. પતિશ્રી નટવરભાઈ ભટ્ટનું પુસ્તક 'ગુલિસ્તાં-એ-શાયરી' કોપી રાઈટના વિષય બાબત

આપે મને જણાવ્યું છ કે મારા સ્વ. પતિશ્રી નટવરભાઈ ભટ્ટ દ્વારા ગુજરાતી ભાષામાં સંકલિત-સમ્પાદિત-પ્રકાશિત પુસ્તક 'ગુલિસ્તાં-એ-શાયરી'ને આપ ઈ-બુકના રૂપે પ્રકાશિત કરી વેબસાઈટ્સ પર મૂકવા માંગો છો. વધારામાં આપશ્રીએ મને એ પણ જણાવ્યું છે કે આ જ પુસ્તકને જ્યાં જરૂર પડે ત્યાં હિન્દીમાં અનુદિત કરી હિન્દી ભાષામાં પણ પુસ્તક રૂપે અને ઈ-બુક રૂપે પ્રકાશિત કરી વેબસાઈટ્સ પર મૂકવા માંગો છો. આ બંને કાર્યો આપની સંસ્થા 'જનજાગૃતિ અભિયાન, વડોદરાના નામે આપ કરવાના છો. આમ કરવા પાછળનો આપનો શુભ હેતુ એવો જ છે કે મારા સ્વ. પતિ શ્રી નટવરભાઈ ભટ્ટનું ઉપરોક્ત પુસ્તકને દેશ-દુનિયામાં રહેલા ગુજરાતી અને હિન્દી ભાષાના વાચકોના વિશાળ સમુદાય સમક્ષ પ્રસ્તુત થાય અને આમ કરીને આપ તો મારા સ્વ. પતિની મહેચ્છાને જ પૂર્ણ કરવાનું કાર્ય કરી રહ્યા છો જેની માટે હું અંગત રીતે અને મારા કુટુંબના સભ્યો આપના આભારી છીએ.

આ બાબતમાં મારે આપને જણાવવાનું કે ઉપરોક્ત પુસ્તક 'ગુલિસ્તાં-એ-શાયરી'ને આપની સંસ્થા 'જનજાગૃતિ અભિયાન, વડોદરા' દ્વારા ઈ-બુકના રૂપે અને/અથવા તેનું જરૂરી લાગે ત્યાં હિન્દીમાં અનુવાદ કરી પુસ્તક રૂપે કે ઈ-બુક રૂપે પ્રકાશિત કરે તો તેની સામે મને કે મારા કુટુંબના કોઇ પણ વારસદારને કોઇ વાંધો નથી અને તે બાબતમાં સર્વ અધિકાર અમે આપને આપીએ છીએ. ભવિષ્યમાં પણ આ બાબતમાં અમારા કુટુંબના એટલે કે સ્વ. નટવરભાઈ ભટ્ટના કોઇ પણ વારસદાર કોઇ પણ પ્રકારનો વાંધો નહીં ઉઠાવે અને જો કોઇ વાંધો ઉઠાવવામાં આવે તો તે બાબતની સંપૂર્ણ જવાબદારી અમારી જ રહેશે.

આપના ઉપરોક્ત ઉમદા હેતુસભર કાર્યમાં સફળતા મળે તેવી અભ્યર્થના.

આપની વિશ્વાસુ,

સહી/- વિમલાબેન ભટ્ટ)

(વિમલાબેન નટવરભાઈ ભટ્ટ)

પ્રતિ શ્રી મનહરભાઈ ટી. શાહ,
'ઉપાસના' ૩૧, રાજસ્થંભ સોસાયટી,
પોલો ગ્રાઉન્ડ સામે, વડોદરા ૩૯૦ ૦૦૧